# આત્મપરિચય

૧૯૦૪

*(તત્કાલીન બંગાળી લેખકોનું જીવન વૃત્તાંત એક ગ્રંથમાં સંકલિત કરવાનો વિચાર હરિમોહન મુખોપાધ્યાયને આવ્યો હતો. તેથી તેમણે તે સમયે હયાત લેખકોને પોતાનું જીવનચરિત્ર લખવાની વિનંતી કરી હતી. તેને માન આપીને રવીન્દ્રનાથે આ લેખ લખ્યો હતો જે ગ્રંથસ્થ થયો હતો, હરિમોહન મુખોપાધ્યાય સંપાદિત 'બંગ-ભાષાર લેખક'ના (બંગાળી ભાષાના લેખક) પ્રથમ ભાગમાં. તેનું પ્રકાશન થયું હતું ૧૯૦૪માં અને તે લેખનું શીર્ષક હતું, 'રવીન્દ્રનાથ ઠાકુર'. લેખના આરંભે જણાવ્યા પ્રમાણે રવીન્દ્રનાથે પોતાના જીવનની વિગતો આપી ન હોવાને કારણે લેખના અંતે સંપાદકે અત્યંત સંક્ષિપ્તમાં આ વિગતો પ્રસ્તુત કરી હતી.[1] આ વિગતોથી આ પુસ્તકની અર્થપૂર્ણતામાં વધારો થાય એમ ન લાગતાં તેમ જ આ વિગતો અન્યત્ર એકથી વધારે વાર પ્રગટ થઈ હોવાથી તેનો સમાવેશ આ પુસ્તકમાં કર્યો નથી.)*

મારું જીવનવૃત્તાંત લખવા માટે વિનંતી કરવામાં આવી છે. હું બિનજરૂરી નમ્રતા દર્શાવી કાગળ બગાડવા માંગતો નથી. પણ એક વાત સ્પષ્ટ કરવા માંગું છું કે આત્મકથા લખવાની ક્ષમતા ખાસ માણસોમાં હોય છે, મારામાં તે નથી. તેમાં કાંઈ નુકસાન પણ નથી કારણ કે મારા જીવનના લાંબા વર્ણનથી કોઈને કાંઈ લાભ થાય તેમ નથી.

તેથી અહીં મારા જીવનવૃત્તાંતમાંથી વૃત્તાંતને બાદ કરીશ. માત્ર કાવ્યમાં મારું જીવન જેમ પ્રગટ થાય છે તે અહીં સંક્ષિપ્તમાં

---

*'રવીન્દ્ર-રચનાવલી', ખંડ ૧૬, પશ્ચિમ બંગ સરકાર, કોલકતા, ૨૦૦૧, પા. ૧૧૦૪.*

લખવાનો પ્રયત્ન કરીશ. આમાં જો અહંકાર પ્રગટ થતો દેખાય તો તે માટે વાચકોની ખાસ ક્ષમા માંગું છું.

લાંબા સમયથી ચાલતી આવેલી મારી કવિતા લખવાની ધારાને પાછળ ફરીને જ્યારે જોઉં છું, ત્યારે એક વાત સ્પષ્ટ દેખાય છે – આ એક પ્રવૃત્તિ એવી છે જેના ઉપર મારો કોઈ કાબૂ નથી. જ્યારે લખતો હોઉં છું ત્યારે એમ લાગે છે કે હું જ લખી રહ્યો છું. પણ આજે લાગે છે કે એ વાત સાચી નથી. કારણ કે તે નાની નાની કવિતાઓમાં મારી સમગ્ર કાવ્યસૃષ્ટિનું તાત્પર્ય પ્રગટ થતું ન હતું. તે સમયે હું જાણતો પણ ન હતો કે તે તાત્પર્ય શું છે. આમ, જાણ્યા વિના હું એક પછી એક કાવ્ય લખે જતો હતો. તે દરેકના અર્થની જે ક્ષુદ્ર કલ્પના કરી હતી, તે આજે સમગ્રની સહાયથી હું સ્પષ્ટ જોઈ શકું છું કે તે કલ્પનાને અતિક્રમીને એક અખંડ તાત્પર્ય તે દરેક કાવ્યમાં વહેતું આવ્યું છે. તેથી લાંબા સમય પછી, [૧૮૯૬માં 'ચિત્રા' કાવ્યસંગ્રહમાં 'અંતર્યામી' કાવ્યમાં] મેં લખ્યું:

*આ તે કૌતુક કેવું, રોજ નવું,*
*ઓ રે કૌતુકમયી,*
*હું બોલવા માંગું કાંઈ*
*અને બોલી દેતો કાંઈ!*
*દિવસરાત અંતરમાં બેસીને*
*મુખમાંથી તું ભાષા લઈ લે,*
*મારી વાત લઈને વાત તું કરે*
*ભેળવીને તારો સૂર.*
*બોલવું છે શું, તે બધું ભૂલી જઈ*
*જે બોલાવતો તું, તે બોલતો હું.*
*ન પહોંચતો સંગીત-પ્રવાહના કિનારે –*
*વહી જતો ક્યાંય દૂરે.*

હું વિશ્વનો એક નિયમ જોઈ રહ્યો છું કે જે આવી રહ્યું છે,

જે પ્રસ્તુત છે, તેને તે નીચું નહીં જોવડાવે. તેને તે જાણવા નહીં દે કે તે નિસરણીનું એક પગથિયું માત્ર છે. તેને તે માનવા દેશે કે તે પોતાનામાં જ પર્યાપ્ત છે. જ્યારે ફૂલ ખીલે ત્યારે આપણને લાગે છે કે ફૂલ જ વૃક્ષનું એકમાત્ર ધ્યેય છે – તેથી તેની સુગંધ, તેનું સૌંદર્ય, એ જ જાણે વંનલક્ષ્મીની સાધનાનું પરમ ધન! પણ ફૂલો તો ફળ તરફની ગતિનું એક પગથિયું છે તે વાત તે છાની રાખે છે. વર્તમાનના ગૌરવને આનંદમાં રાખીને ભાવિથી તેને પ્રભાવિત થવા નથી દેતા. વળી ફળને જોઈને આપણને થાય છે કે તે સફળતાનું શિખર છે પણ ખરેખર તો તે પોતાના ગર્ભમાં ભાવિ વૃક્ષના સર્જન માટે બીજને ઉછેરી રહ્યું છે તે વાત પશ્ચાદ્‌ભૂમાં રહી જાય છે. આમ પ્રકૃતિ ફૂલમાં ફૂલની સંપૂર્ણતા, ફળમાં ફળની સંપૂર્ણતા સાચવીને, એમની જાણબહાર એક પરિણામ તરફ પ્રગતિ કરી રહે છે.

મારી પોતાની કાવ્ય રચના સંબંધે પણ આ જ નિયમ કામ કરતો હોય એવું મને દેખાય છે. જ્યારે જે લખ્યું તે જ તેનું પરિણામ – એમ હું માનતો હતો. તેથી તેને પૂરું કરવાનો ખૂબ પ્રયત્ન કરતો અને મને અત્યંત આનંદ પણ મળતો. [જે લખું છું] તે હું જ લખું છું અને એક વિશિષ્ટ ભાવનું અવલંબન લઈને લખું છું, તેમાં મને કોઈ સંદેહ ન હતો. પણ આજે જાણું છું કે તે બધું લખેલું માત્ર એક સાધન જેવું હતું. તેનાથી જેની રચના થતી હતી તે વિશે કાંઈ જાણતો ન હતો. તેનાં લેખકના મનમાં બીજો એક સર્જક હતો, જેની સામે આ ભાવિ તાત્પર્ય પ્રત્યક્ષ હતું. વાંસળીના એક છિદ્રમાં ફૂંક મારવાથી એક સૂર નીકળે છે અને તેનું અસ્તિત્વ ઊંચા અવાજે પ્રગટાવે છે – પણ આ વિવિધ સૂરોને એક સંવાદી રગિણીમાં કોણ બાંધે છે? ફૂંક સૂર પ્રગટાવી શકે પણ ફૂંકથી વાંસળી વગાડી શકાય નહીં. જે વાંસળી વગાડી શકે છે તેની સામે બધી જ રાગરાગિણી પ્રત્યક્ષ હોય છે અને તેનાથી છૂપું કાંઈ જ નથી હોતું.

*કહેતો હતો, એક બાજુ બેસીને*
*મારી વાત મારા સ્વજનોને,*
*સાંભળવતો હતો ઘરને બારણે*
*ઘરની વાત જાણે;*
*તેં તે ભાષામાં પ્રગટાવ્યો અગ્નિ,*
*તારા આંસુના જળમાં તેને ડૂબાડી*
*અને ઘડી એક મનગમતી પ્રતિમા.*[2]

આ શ્લોકનો અર્થ એટલો જ થાય છે કે જે મારે લખવું હતું, તે તો એક સાદી જ વાત હતી, તેમાં ખાસ બીજું કાંઈ હતું નહીં – પણ તે સાદી વાતમાં, મારી પોતાની વાતની વચ્ચે એક સૂર ભળી ગયો, જેનાથી તે વ્યક્તિગત ન રહેતા વૈશ્વિક બની ગઈ. તે સૂરને [મારી વાતમાં] ભેળવી દેવાનો મારો ઇરાદો ન હતો. [મારા મનમાં] મેં એક છબિ આંકી હતી, પણ તેમાં જે રંગ પુરાયો તે રંગની પીંછી મારા હાથમાં ન હતી.

*નૂતન છંદ, આંધળા જેવો*
*આનંદભર્યો, છૂટો ચાલી જતો,*
*તેની નૂતન વેદના બાજી ઉઠતી*
*નૂતન રાગિણી ભરતી.*
*જે વાત વિચારી ન્હોતી, કહેતો તે વાત,*
*જે વ્યથા સમજ્યો ન્હોતો,*
*જાગી ઉઠતી તે જ આજ,*
*જાણું ના કોની વાત થતી,*
*કોને સંભળાવવા.*[3]

હું તો એક નાનો માણસ છું. જ્યારે મારી કોઈ સામાન્ય વાત કહેવા આતુર થઇ જતો ત્યારે કોઈ એક જણ ઉત્સાહપૂર્વક મને કહેતું, બોલ, બોલ, તારી વાત જ બોલ. આટલું કહી તે શ્રોતા

---

*2 ઉપરોક્ત કાવ્ય, 'અંતર્યામી'ની આગળની પંક્તિઓ.*
*3 ઉપરોક્ત કાવ્યની પંક્તિઓ.*

સાથે આંખ મેળવીને સહેજ હસે છે અને મારા જ શબ્દોમાં તેને જે કહેવું હોય તે કહી દે છે.

*કોણ શું સમજતું તેનો અર્થ,*
*કોઈ કહેતું આ, તો કોઈ કહેતું તે,*
*અને પૂછતાં મને વારંવાર –*
*જોઈને તમે તો હસી પડતા!*
*અરે ભાઈ, તમે ક્યાં ગયા છો છૂપાઈ*
*હું તો થાકી જતો શોધતા.*[4]

શું માત્ર  કવિતા લખવામાં એક કર્તા કલમ ચલાવીને કવિને અતિક્રમી જાય છે? ના, તેમ નથી. તેની સાથે હું જોઈ શકું છું કે જીવનના બધાં જ સુખદુઃખ, મિલન-વિરહને એક અખંડ મહત્વપૂર્ણ [માળામાં] કોઈ ગૂંથી રહ્યું છે. હું હંમેશ તેની સાથે ચાલું છું કે નહીં તે હું નથી જાણતો પણ તે તો મારી બધી જ અડચણો, આપત્તિઓમાં મદદ કરી, મારી બધી જ ભાંગફોડને સુધારીને મારું જીવન ગૂંથેલા હાર જેવું સુઘડ રાખે છે. એટલું જ નહીં, મારા સ્વાર્થ અને મારી પ્રવૃત્તિને કારણે મારા જીવનનો જે અર્થ સીમાબદ્ધ થઇ જતો હતો, તે સીમાનો ભંગ કરીને તે વેદના અને વિચ્છેદ દ્વારા વિપુલ અને વિરાટ સાથે જોડી રાખે છે. એક દિવસ જ્યારે તે બજારમાં ખરીદી કરવા નકળ્યો ત્યારે તેણે વિશ્વમાનવ પાસે સફળતાની અપેક્ષા રાખી ન હતી – તેણે તો પોતાના ઘરની સુખ-સંપદા માટે જ પૈસા ભેગા કર્યા હતા. પણ તે જ ખેતરની કેડી અને તેનાં સુખદુઃખમાંથી તેને ખેંચીને પહાડ-પર્વત, મેદાન-ખીણોની દુર્ગમતાની વચ્ચે કોણ લઈ ગયું?

*આ તે શું કૌતુક રોજ નવું,*
*ઓરે કૌતુકમયી!*
*એક દિશામાં મુસાફર ચાલવા માંગે,*
*અને ચાલવા માંડે બીજે.*

---

*[4] 'અંતર્યામી'ની પંક્તિઓ.*

*ગામનો જે રસ્તો જતો ઘર તરફ,*
*ખેડૂતો તે લેતા દિનાંતે,*
*ગાયો જતી ચરવા, વધૂ પાણી ભરવા*
*જતાં-આવતાં વારંવાર –*
*એક દિવસ વહેલી સવારે*
*નીકળ્યો હતો હું બહારે,*
*મનમાં હતું કે દિવસે ખેલકૂદ ને કામે*
*પાછો ફરીશ રાતે.*
*પગલે પગલે તેં ભૂલાવી દિશા,*
*આજે ન જાણું ક્યાં જવું મારે,*
*થાક્યોપાક્યો તન મને,*
*આવી પહોંચ્યો નૂતન દેશે.*
*ક્યારેક ઊંચા ગિરિશિખરે*
*ક્યારેક વેદના-ગુહાના અંધારે,*
*હું જાણતો ના માર્ગ*
*જેના પર ચાલતો પાગલ વેશે.*[5]

આ જે કવિ, મારામાં જે કાંઈ સારું છે, જે કાંઈ ખોટું છે, જે કાંઈ અનુકૂળ છે, જે કાંઈ પ્રતિકૂળ છે, તે બધું જ લઈને મારા જીવનની રચના કરે છે તેને મારા કાવ્યમાં મેં ‘જીવનદેવતા’ નામ આપ્યું છે. તે માત્ર આ જ જીવનમાં મારા જીવનના વિવિધ વિભાગોને એકઠા કરીને વિશ્વ સાથે તેને એકરૂપ કરી દે છે તેમ હું નથી માનતો. હું જાણું છું કે તે અનાદિકાળથી અનેક વિસ્મૃત અવસ્થામાંથી મને વર્તમાનમાં લઈ આવ્યો છે – તે વિશ્વમાં વહેતી અસ્તિત્વની ધારાની વિશાળ સ્મૃતિ તેના ઉપર આધાર રાખીને મારી ગુપ્ત ચેતનામાં સચવાઈ છે. તેથી જ આ જગતનાં વૃક્ષ-વેલી-પશુ-પક્ષી સાથે હું પુરાણું ઐક્ય અનુભવી શકું છું, તેથી જ આટલું મોટું રહસ્યમય જગત મને સ્વજનસમ લાગે છે.

---

*‘અંતર્યામી’ની પંક્તિઓ.*

આજે મને થાય છે કે આ બધાંની વચ્ચે
માત્ર તને જ હું પ્રેમ કરું છું;
જનતા વચ્ચે દિવસોથી
માત્ર તું અને હું જ છીએ.
ચારે દિશામાં હું જોઈ રહેતો
કે શું જાગી ઉઠયું છે મારા પ્રાણમાં -
તારું ને મારું અસીમ મિલન
ફેલાયું છે સકળ અસ્તિત્વમાં.
કેટલાંય યુગોથી આ આકાશે રહ્યો
તે વાત તો હું ભૂલી ગયો,
દરેક તારામાં ઝબૂકતો પ્રકાશ જે
તેમાં ઝૂલ્યા હતા આપણે બે.
આસો માસના નવ પ્રકાશે
તૃણ-રોમાંચિત ધરતી જોતો
ને હું મારા મનમાં જોઈ શકતો
આનંદે ભર્યો પ્રાણ.
મનમાં થતું, જાણું છું હું
આ વણકહી વાણી –
મૂક આ ધરતીના હાર્દમાં
જાગે છે આવો ભાવ.
આ જીવંત માટીની અંદર
કેટલાંય યુગ આપણા વીત્યા,
કેટલીય શરદના સોનેરી પ્રકાશમાં
કેટલાંય તૃણદળે આપણે બે કંપ્યાં.

•

લાખો વર્ષ પહેલા જે પ્રભાતે
જાગ્યો હું આ ભુવને
તેની અરુણ-કિરણ-કણિકા

*ગૂંથી લીધી ન હતી તેં મારા જીવને?*
*તે પ્રભાતે હું જાગ્યો હતો ક્યાં*
*તે તો કોણ જાણે?*
*તે દિવસે છૂપાઈને મારા પ્રાણમાં*
*કયું સ્વરૂપ આપ્યું મને તેં?*
*હે ચિર-પુરાતન, સદાકાળ મને*
*ઘડતો તું નૂતન સ્વરૂપે.*
*સદાકાળ તું સાથે રહ્યો છું મારી,*
*ને રહીશ પણ સદાકાળ સાથે.*[6]

ફિલસૂફીના ક્ષેત્રમાં મારી ચાંચ નથી ડૂબતી. દ્વૈતવાદ-અદ્વૈતવાદના વિવાદમાં હું ચૂપ રહેવાનું પસંદ કરીશ. હું તો માત્ર મારા અનુભવના આધારે બોલું છું, મારામાં મારા આંતર્યામીના પ્રાગટ્યનો આનંદ રહેલો છે – તે જ આનંદ, તે જ પ્રેમ મારા સમગ્ર અંગેઅંગમાં, મારી બુદ્ધિ ઉપર, મારા મનમાં, મારી પાસે પ્રગટ થતા વિશ્વમાં, મારા અનાદિ અતીત અને મારા અનંત ભવિષ્યમાં ફેલાયેલો છે. આ લીલાને હું સમજી શકતો નથી પણ મારી અંદર આ પ્રેમની લીલા સતત ચાલ્યા કરે છે. મારી આંખને જે પ્રકાશ વહાલો લાગે છે, સવાર-સાંજના વાદળોની જે છટા ગમે છે, તૃણ-તરુ-લતાની જે હરિયાળી નયનરમ્ય લાગે છે, પ્રિયજનનો જે ચહેરો સુંદર લાગે છે – આ બધું જ પેલી પ્રેમલીલાની ઉભરાતી લહેરોને આભારી છે. તેમાં જ જીવનની સમગ્ર સુખદુઃખની અને પ્રકાશ-અંધકારની છાયા પથરાઈ ગઈ છે.

મારામાં આ જે ઘડાઈ રહ્યું છે અને તેને જે ઘડી રહ્યું છે તે બેની વચ્ચે એક આનંદનો સંબંધ છે અને એક પ્રેમનું બંધન છે. તેનાથી જીવનની બધી જ ઘટનાઓ અને સુખદુઃખ વચ્ચે

---

*૧૯૧૪માં પ્રગટ થયેલા કાવ્યસંગ્રહ, ‘ઉત્સર્ગ’ના ૧૩મા કાવ્યની પંક્તિઓ.*

એક શાંતિ મળે છે. જ્યારે હું સમજી શક્યો કે મારો દરેક આનંદનો ઉચ્છ્વાસ, મારી દરેક વેદનાનો નિઃશ્વાસ તેણે પોતે પોતાના માની લીધા છે ત્યારે મેં જાણ્યું કે કાંઈ પણ વ્યર્થ નથી, બધું જ સર્વવ્યાપી સંપૂર્ણતાની દિશામાં પ્રગતિ કરી રહ્યું છે.

અહીં મારે એક જૂના પત્રમાંથી[7] થોડા અંશ ટાંકવા છે : ‘સામાન્ય રીતે જેને ધર્મ કહે છે તેને મારા પોતાના [માનસમાં] કોઈ સ્પષ્ટ કે

> દૃઢ સ્થાન મળ્યું છે તેવું હું કહી શકતો નથી. પરંતુ મનની અંદરને અંદર ધીરે ધીરે જે એક જીવંત પદાર્થ દેખાઈ આવે છે, તેનો ઘણી વાર અનુભવ કરું છું. ખાસ કોઈ ચોક્કસ વાત નથી હોતી – એક કોઈ ગૂઢ ચેતના, એક નવી જ અંતર-ઇન્દ્રિય. હું સારી રીતે સમજી શકું છું કે ધીરે ધીરે હું મારામાં એક સામંજસ્ય મેળવી શકીશ – મારા સુખદુઃખ, અંદર-બહાર, વિશ્વાસ-આચરણ, બધું મળીને જીવનને એક સંપૂર્ણતા આપી શકીશ. શાસ્ત્રમાં જે લખ્યું છે તે સાચું છે કે ખોટું તે હું કહી શકતો નથી – પણ તે બધાં સત્યનો મારે માટે કોઈ જ ઉપયોગ નથી, ખરેખર તો મારે માટે તેનું કોઈ અસ્તિત્વ જ નથી એમ કહેવું પડે. મારા સમગ્ર જીવનને સમર્પણ કરીને જેનો સંપૂર્ણ આકાર ઘડીશ, તે જ મારું પરમ સત્ય. જીવનના બધાં જ સુખદુઃખને જ્યારે છૂટાં – ભિન્નસ્વરૂપે અને ક્ષણિકભાવે અનુભવીએ ત્યારે આપણે આ અનંત સર્જનના રહસ્યને સમજી શકતા નથી – જેમ વાંચતી વખતે દરેક શબ્દને છૂટો પાડીને વાંચવાથી સમગ્ર પાઠના અર્થ અને ભાવનું ઐક્ય સમજાતું નથી તેમ; પણ પોતાની અંદર આ સર્જનશક્તિના ઐક્યનો એક વાર અનુભવ થઇ જાય પછી આપણને સમજાય કે આ

*૧૦ ઑક્ટોબર ૧૮૯૫ના દિવસે શિલાઈદહથી ઈન્દિરાદેવીને (રવીન્દ્રનાથની ભત્રીજી) લખેલો પત્ર.*

અનંત, સ્થાવર અને જંગમ વિશ્વ સાથે આપણો પણ સંબંધ છે; હું સમજી શકું છું કે જે રીતે ગ્રહ, નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય ઝળહળતા, ઝળહળતા, ભ્રમણ કરતાં, કરતાં, લાંબા સમયથી સર્જનનો એક ભાગ બની રહ્યા છે તેમ જ મારી અંદર પણ અનાદિકાળથી સર્જનની પ્રક્રિયા ચાલે છે; મારાં  સુખદુઃખ, વેદના-વાસના પણ તેની વચ્ચે પોતપોતાનું સ્થાન ગ્રહણ કરે છે. તેમાંથી શેનું સર્જન થશે તે હું નથી જાણતો કારણ કે આપણે તો ધૂળના એક રજકણને પણ નથી જાણતા! પોતાની બહાર ઊભા રહીને જ્યારે હું મારા વહી જતા જીવનને અનંત દેશકાળ સાથે જોડાઈ જતા જોઉં છું ત્યારે જીવનના બધાં જ દુઃખ એક બૃહદ આનંદમાં ગૂંથાઈ જતાં દેખાય છે – હું છું, મારું અસ્તિત્વ છે, હું ફરું છું, એને જ એક વિરાટ પ્રવૃત્તિ સમજું છું, હું છું અને મારી સાથે સાથે જ બીજું બધું પણ છે, મારા વિના આ અસીમ જગતમાં એકપણ અણુ-પરમાણુનું અસ્તિત્વ રહી ન શકે, મારાં સ્વજનો સાથે જે મારો સંબંધ છે તેટલો જ ઘનિષ્ઠ સંબંધ આ સુંદર શરદની સવાર સાથે છે – તેથી જ તો આ ઝળહળતો અવકાશ મારા અંતરતમને તેનાં હાર્દમાં સમાવી લે છે – નહીં તો શું તે મારા મનને સ્પર્શ પણ કરી શકતે? નહીં તો શું તે મારા [તેને] સુંદર કહેવાનો અનુભવ કરી શકતે? મારી સાથે આ અનંત જગતના પ્રાણનો જે સંબંધ છે તેની રંગ, ગીત અને ગંધ દ્વારા જાણી શકાય તેવી વૈવિધ્યપૂર્ણ ભાષા છે. ચારે બાજુ આ ભાષાનો સતત થતો સાક્ષાત્કાર મારા મનને જાણે-અજાણે ધીરે ધીરે ઉત્તેજિત કરે છે; દિવસરાત કથાવાર્તા ચાલતી રહે છે.’